

# 'માણસની ગતિ, મતિ અને જીવન વ્યવહાર ગુણત્રયને આધારે

(ગીતા અધ્યાય - 14,17,18ના પરિપ્રેક્ષ્યમાં)

**ડૉ. ભરતભાઇ એમ.પટેલ**
**સંસ્કૃત વિભાગ**
**ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા.**

**પ્રસ્તાવના :**

વેદ, ઉપનિષદના મહાન જ્ઞાન સાગરને ગીતાએ પોતાની નાનકડી ગાગરમાં સમાવી લીધો છે . ગીતા 'સર્વશાસ્ત્રમયી' એટલે કે સર્વશાસ્ત્રનો સમન્વય છે. કોઈપણ વિશિષ્ટ ધર્મસંઘ કે સંપ્રદાયના નાદમાં ન પડતાં ગીતાકારે માનવજીવનના ચિરંતર મૂલ્યોને ગીતામાં ગુંથ્યા છે. ગોપાલ કૃષ્ણની પ્રેમ મુરલીએ ગોકુળમાં સૌને મુગ્ધ કર્યા તો, જ્ઞાન મુરલીએ કુરુક્ષેત્રની ભૂમિ ઉપર અર્જુનને યુદ્ધ માટે પ્રેર્યો અને ત્યારથી આજસુધી અનેક જ્ઞાની, કર્મયોગી, ઋષિ, સંત, સમાજ સેવક કે ચિંતક, પછી તે કોઈ પણ દેશ અથવા કાળ નો હોય, તે સર્વેને તેને મુગ્ધ કર્યો છે.

ગીતાએ વૈશ્વિક ગ્રંથ છે. માનવ માત્ર માટે છે. વિશ્વના તમામ પ્રશ્નોનું નિરાકરણ, તે માંથી મળી રહે તેમ છે.

"Gita is not The Bible of Hindustan but it is the Bible of Humanity" ગીતાએ હિન્દુ ધર્મનું બાઈબલ નથી પણ એ માનવતાનું-માનવધર્મનું બાઈબલ છે.

સત્વગુણપ્રધાન, રાજસગુણપ્રધાન અને તમોગુણપ્રધાન માનવની પ્રકૃતિ કુદરતે નિર્માણ કરી છે'. તે મુજબ તેનો જીવનવ્યવ્હાર અને ગીત હોય છે. શ્રીમદ ભગવદ ગીતાના અધ્યાય 14, 17 અને 18 માં તેની છણાવટ કરી છે.

**શ્રદ્ધા**

સાત્વિક માણસોની શ્રદ્ધાદેવા ઉપર હોય છે તેથી દેવાને પૂજે છે. રાજસિક માણસો રાક્ષસોનું પૂજન કરે છે. તામસિક માણસો પ્રેતો અને ભૂતોને પૂજે છે.

**આહાર**

સાત્વિક માણસનો આહાર આયુષ્ય, બળ, બુદ્ધિ, આરોગ્ય, સુખ અને પ્રીતિ વધારનાર રસયુક્ત, સ્નિગ્ધ અને લાંબા સમય સુધી શરીરમાં સ્થિર રહેનાર આહાર લે છે. રાજસીક માણસનો આહાર કડવા, ખાટા, ખારા, ઘણા ગરમ, તીખા, શરીરમાં દાહ જન્માવનારા, દુ:ખ, ચિંતા તથા રોગોને જન્માવનારા હોય છે. તામસીક માણસનો આહાર અડધું પાકેલું, અડધું કાચું, સુકાઈ ગયેલા રસનું, સ્વભાવે જ દુર્ગંધી, વાસી, એઠું અને અપવિત્ર હોય છે.

**યજ્ઞ**

સાત્વિક માણસ શાસ્ત્રવિધિ દ્વારા નિયત મનમાં નિશ્ચિય કરીને, ફળની ઈચ્છા વિના કરે છે. રાજસીક માણસ દંભ આચરવા ખાતર અથવા ફળને લક્ષ્યમાં રાખીને યજ્ઞ કરે છે. તામસીક માણસ શાસ્ત્રવિધિ વિના અન્નદાન વિના, મંત્રરહિત, વિના દક્ષિણાએ અને શ્રદ્ધાભાવ વિના યજ્ઞ કરે છે.

**તપ**

દેવો, બ્રાહ્મણ, ગુરૂજનો, જ્ઞાનીજનો, પવિત્રતા, સરળપણું, બ્રહ્મચર્ય, અહિંસા, પ્રિય હિતકારક અને ઉધ્વેગ ન જન્માવનારું યથાર્થ વચન, વેદવાંચન પરમેશ્વરના નામનો નામ જપનો અભ્યાસ, મનની પ્રસન્નતા, શાંતભાવ, ભગવદ્ ચિંતન કરવાનો સ્વભાવ, મનનો નિગ્રહ અને અંતઃકરણના ભાવોની સારી પેઠે પવિત્રતા આ સાત્વિક તપ છે. રાજસીક તપ, સત્કાર માન અને પૂજા ખાતર તથા બીજા કોઈ સ્વાર્થ ખાતર પાખંડથી આચરવામાં આવે છે. તે ક્ષણિક ફળ આપનારું રાજસ તપ છે. તામસીક તપ મૂર્ખતાપૂર્વક હઠથી, મન, વાણી અને શરીરની પીડાસહિત અથવા બીજાનું અનિષ્ટ કરવા માટે આચરવામાં આવે છે.તે તામસ તપ છે.

**દાન**

'દાન આપવું એ જ કર્તવ્ય છે' એવા ભાવથી જે દાન યોગ્ય દેશ, કાળ અને પાત્ર પ્રાપ્ત થતાં પોતે ઉપકાર નથી કર્યો, એવા ભાવથી અપેક્ષા વગર નિસ્વાર્થ ભાવે આપવામાં આવે છે તે સાત્વિક દાન છે. જે દાન ક્લેશ પૂર્વક તથા ઉપકારની ભાવનાથી ફળને દષ્ટિમાં રાખ્યા પછી આપવામાં આવે છે. તેને રાજસ દાન કહે છે. જે દાન સત્કાર વિના તિરસ્કાર પૂર્વક અયોગ્ય દેશ કાળમાં અને કુપાત્રને આપવામાં આવે છે તે દાનને તામસ દાન કહે છે.

**ત્યાગ**

જે શાસ્ત્રવિહિત કર્મ કરવું કર્તવ્ય છે એવા ભાવથી આસક્તિ અને ફળનો ત્યાગ કરીને કરવામાં આવે છે એ સાત્વિક ત્યાગ છે, જે કઈ કર્મ છે એ સઘળું દુઃખરૂપ જ છે એમ માની ને જો કોઈ માણસ શારીરિક ક્લેશના ભયથી કર્તવ્ય કર્મનો ત્યાગ કરે તે રાજસ ત્યાગ છે. મોહને લીધે નિયત કર્મનો ત્યાગ કરી દેવો આ તામસ ત્યાગ છે.

**જ્ઞાન**

જે જ્ઞાનથી માણસ ભિન્ન ભિન્ન જણાતા બધા જ ભૂતોમાં એક અવિનાશી પરમાત્મા ભાવને અવિભાજ્ય રૂપે સમભાવે રહેલો જુએ છે. એ જ્ઞાનને સાત્વિક જ્ઞાન કહે છે . જે જ્ઞાન સકળ ભૂતોમાં જુદી જુદી જાતના અને ભાવોને જુદા જુદા સ્વરૂપે જાણે છે . એ જ્ઞાનને રાજસ જ્ઞાન કહે છે. જે જ્ઞાન એકલા કાર્યરૂપ શરીરમાં જ સંપૂર્ણની જેમ આસક્ત રહેનારું છે તથા જે યુક્તિ વિનાનું તાત્વિક અર્થથી રહિત તેમજ તુચ્છ છે તે તામસ જ્ઞાન છે.

**કર્મ**

જે કર્મ શાસ્ત્રવિધિથી નિયત થયેલું હોય , કર્તાપણાના અભિમાનથી રહિત થઈને કરવામાં આવ્યું હોય તેમજ ફળની લાલસા વિનાના માણસ વડે રાગ-દ્વેષ વિના કરવામાં આવ્યું હોય એ સાત્વિક કર્મ છે . જે કર્મ ઘણો પરિશ્રમ વેઠીને કરાય છે અને ભોગોને ઈચ્છતા

માણસ વડે કે અહંકારી માણસ વડે કરવામાં આવે છે એ રાજસ કર્મ છે . જે કર્મ પરિણામ હાનિ, હિંસા અને સામર્થ્યને ધ્યાનમાં લીધા વિના કેવળ અજ્ઞાનને લીધે આચરવામાં આવે છે એ કર્મ તામસ કહે છે.

**કર્તા**

જે કર્તા સંગ વિનાનો, અહંકારભર્યા વચનો ન બોલનાર, ધૈર્ય અને ઉત્સાહ ધરાવનાર તથા કાર્યની સિદ્ધિ કે અસિદ્ધિમાં હરખ - શોક આદિ વિકારોથી રહિત છે તે સાત્વિક કર્તા છે . જે કર્તા આસક્તિ ધરાવનાર , કર્મોના ફળની લાલસા રાખનાર , લોભી, બીજાને કષ્ટ આપવાનો સ્વભાવ ધરાવનાર, અશુદ્ધ આચરણ રાખનાર તેમજ હરખ -શોકથી લિપ્ત છે, એ રાજસ કર્તા છે . જે કર્તા પોતાને વશમાં ન રાખનાર, અશિક્ષિત, ઘમંડી, શઠ, બીજાની આજીવિકાનો નાશ કરનાર, શોક કરનાર આળસુ અને દીર્ઘસૂત્રી છે તે તામસ કર્તા છે.

**ત્રણ ગુણોના પરિણામો**

સત્વગુણ જ્ઞાનના અભિમાન વડે જીવાત્માને બાંધે છે , રજો ગુણ કર્મ ફળોના સંગ વડે જીવાત્માને બાંધે છે તમો , ગુણ અજ્ઞાન, આળસ, પ્રમાદથી જીવાત્માને બાંધે છે સત્વગુણમાંથી જ્ઞાન જન્મે છે . રજો ગુણમાથી લોભ જન્મે છે . તમો ગુણમાથી મોહ અને અજ્ઞાન જન્મે છે.

સત્વગુણ સુખમાં જોડે છે, રજો ગુણ કર્મમાં અને તમો ગુણ જ્ઞાનને ઢાંકી દઈને પ્રમાદમાં જોડે છે.

**ત્રણ ગુણોની ઓળખ**

જે વખતે આ દેહમાં તથા અંતઃકરણ અને ઈન્દ્રિયોમાં ચેતનતા અને વિવેકશક્તિ ઉપજે છે તે વખતે સમજવું કે સત્વગુણ વધ્યો છે. જે વખતે લોભ પ્રવૃતિ કર્મોને સ્વાર્થ બુદ્ધિથી તેમજ સકામભાવે કરવા, અશાંતિ અને વિષયની લાલસા જન્મે તે વખતે સમજવું કે રજો ગુણ વધ્યો છે. અંતઃકારણ અને ઈન્દ્રિયોમાં નિસ્તેજપણું , ચેતનતાનો અભાવ અને નિંદ્રા જેવી અંતઃકરણની મોહમાં નાખનારી વૃતિઓ જન્મે તે વખતે તમો ગુણ વધેલો સમજવો.

**ત્રણગુણો વાળાનો પુનર્જન્મ**

સત્વગુણ વધેલો માણસ મૃત્યુ પામે છે , તો ઉત્તમ કર્મ કરનારાઓમાં નિર્મળ દિવ્ય સ્વર્ગ આદિ લોકને પામે છે . રજોગુણ વધેલ માણસ મૃત્યુ પામે ત્યારે કર્મમાં આસક્તિ રાખનાર માણસોમાં જન્મે છે તથા તમોગુણ વધ્યો હોય અને મૃત્યુ પામ્યો હોય ત્યારે મરણ પામેલો માણસ જંતુ, પશુ જેવી મૂઢયોનિઓમાં જન્મે છે.

' શ્રીમદ્ ભગવદ્ ગીતા ' વૈશ્વિક ગ્રંથ છે. માનવમાત્ર માટેનો ગ્રંથ છે તે શાસ્ત્ર છે ત્રિકાલાબાધિત છે , તે માણસની લાગણીઓ ભાવનાઓને ન જોતાં જે વાસ્તવિક ચિત્ર છે એ જ રજૂ કરે છે . ગીતમાં ઘણા વિષયો છે. પ્રસ્તુત લેખમાં ભગવાને માણસ બનાવ્યો છે તો તેની અંદર સત્વ , રજસ અને તમસ આ ત્રણ ગુણો મૂકેલા છે . માણસ જો સાત્વિક પ્રવૃતિ તરફ વળે તો તમો ગુણમાંથી રજસ અને રજસમાંથી સાત્વિક તરફ આવે છે અને એમ કરતાં કરતાં 'ગુણાતીત' (ત્રણ ગુણોથી ઉપર) જઈને આત્માને પરમાત્મામાં વિલીન કરી શકે છે અને દિવ્ય જીવનની અનુભૂતિ મેળવી ચિદાનંદ, સચ્ચિદાનંદરૂપ બની શકે છે, જે મનુષ્ય જીવનનું પરમ લક્ષ્ય છે તે પ્રાપ્ત કરી શકે છે.

**<u>સંદર્ભ પુસ્તક :</u>**

શ્રીમદ્ ભગવદ્ ગીતા - ગીતા પ્રેસ ગોરખપુર

ગીતામૃતમ્ - પાંડુરંગશાસ્ત્રી આઠવલે

શ્રી ભ.ગી. - ગૌતમ પટેલ